



राष्ट्रीय कला केन्द्र

સ્થાપના તા. ૧૦-૦૭-૧૯૫૫

વિશ્વ મહિલા દિન નિમત્તે યોજાયેલું
ઓન-લાઈન કવયિત્રી સંમેલન ઈ-પુસ્તક રૂપે



# કાવ્યશ્રી





राष्ट्रीय कला केन्द्र

**પ્રસ્તુત કરે છે**

**વિશ્વ મહિલા દિન નિમિત્તે**

**ઓનલાઈન કવયિત્રી સંમેલન**

# "કાવ્યશ્રી"

દક્ષા વ્યાસ – વ્યારા • ઉષા ઉપાધ્યાય – અમદાવાદ
પ્રજ્ઞા વશી – સુરત • રીના મહેતા – સુરત
એશા દાદાવાળા – સુરત • સંધ્યા ભટ્ટ – બારડોલી • ગાયત્રી ભટ્ટ –ગોધરા
નેહા પુરોહિત – ભાવનગર • નંદિતા ઠાકોર -અમેરિકા
ગોપાલી બુચ – અમદાવાદ •
ભાર્ગવી પંડયા –અમદાવાદ • પારૂલ બારોટ – અમદાવાદ
હર્ષા દવે – ભાવનગર • હર્ષિદા ત્રિવેદી – રાજકોટ • પૂર્ણિમા ભટ્ટ – સુરત
સ્વાતિ નાયક – નવસારી • સંગીતા ચૌહાણ – સુરત • સેજલ દેસાઈ – સુરત

**સંચાલન**
**યામિની વ્યાસ**
**કવયિત્રી સંમેલન**
**ઝુમ એપ પર યોજાશે**
ઝુમ આઈડી નંબર 89233419576
સમય રાત્રે ૮.30 કલાક તા. ૮ મી માર્ચ, ૨૦૨૧, સોમવાર

**નૈનાક્ષી વૈદ્ય**
**પ્રમુખ**

**રૂપીન પચ્ચીગર**
**મહામંત્રી**

**નરેશ કાપડીઆ**
**સંચાલક**

**યામિની વ્યાસ**
**કન્વીનર –સાહિત્ય સમિતિ**



રાષ્ટ્રીય કલા કેન્દ્ર

સ્થાપના તા. ૧૦-૦૭-૧૯૫૫



# કાવ્યશ્રી

## પ્રસ્તાવના

સાહિત્યની પ્રવૃત્તિ, રાષ્ટ્રીય કલા કેન્દ્રનું આગવું જમા પાસું છે. કોરોનાકાળના આપત્તિના સમયમાં પણ રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા સાહિત્યિક પ્રવૃત્તિને જીવંત રાખવા અનેક ઓનલાઈન કાર્યક્રમોનું આયોજન થયું, એનો ચિતાર આપું તો.. (૧) શ્રી ભગવતીકુમાર શર્માની ગઝલની પંક્તિઓ આધારિત તરહી ગઝલનું ઓનલાઈન કવિ સંમેલન અને 'તમારા વિના સાંજ ડૂસકે ચડી છે' ઈ-પુસ્તકનું પ્રકાશન RKK એ કર્યું. આ તરહી ગઝલનાં ઈ-પુસ્તકમાં ૧૦૩ કવિઓએ પોતાની તરહી ગઝલ મોકલી. (૨) "કોરોનાકાળનાં કાવ્યો" નામક ઈ-પુસ્તક પ્રકાશિત કર્યું. જેમાં 'કોરોના'ના એક જ વિષય ઉપર ૬૪૪ કવિતાઓ કવિઓએ લખી. આ પુસ્તકમાં અમને આખા વિશ્વમાંથી કવિતાઓ પ્રાપ્ત થઈ. આમ એક જ વિષય ઉપર સૌથી વધુ કવિતાનું ઈ-પુસ્તક બનાવવાનો વિશ્વ રેકોર્ડ RKKએ કર્યો. અને રાષ્ટ્રીય કલા કેન્દ્રને "HIND BOOK OF WORLD RECORDS"માં સ્થાન મળ્યું. (૩) કોરોનાકાળ દરમ્યાન જ સંસ્થાએ "ઓનલાઈન કવિ સંમેલન સપ્તાહ"ની ઉજવણી કરી. આ ઓનલાઈન કવિ સંમેલન ૨૧થી ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૦ સુધી રોજ રાત્રે ૯.૦૦ થી ૧૧.૩૦ ઝૂમ એપ પર યોજાયું. આ કવિ સંમેલનમાં ૧૧૨ કવિઓએ પોતાની વિવિધ કવિતા અને ગઝલ રજૂ કરી. આ દરેક કૃતિઓનું પણ અમે ઈ-પુસ્તક પ્રકાશિત કર્યું. આ ઓનલાઈન કવિ સંમેલન સપ્તાહનાં ઈ-પુસ્તકને પણ "Gujarat Book Of Records"માં સ્થાન મળ્યું. (૪) આજે તા. ૮ માર્ચ, ૨૦૨૧ના રોજ અમો 'વિશ્વ મહિલા દિન' નિમિત્તે, ઓનલાઈન કવયિત્રી સંમેલન 'કાવ્યશ્રી'નું આયોજન કરી રહ્યાં છે. આ સંમેલનમાં ૧૯ જેટલી નામાંકિત કવયિત્રીઓએ ભાગ લીધો છે. →

→

પ્રત્યેક કવયિત્રીએ એક ગઝલ/કવિતા નારી સંવેદના ઉપર પ્રસ્તુત કરી છે અને બીજી એક ગઝલ/કવિતા અન્ય વિષય ઉપર રજૂ કરી છે. આ તમામ ગઝલ/કવિતાને અહીં ઈ-પુસ્તકમાં કંડારી, આ સાહિત્યનું પ્રકાશન કરતાં અમે અનહદ આનંદની લાગણી અનુભવીએ છે.

અત્રે નોંધવું જરૂરી છે કે, ભૂતકાળમાં રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા ‘સ્ત્રી-એક ગઝલ’ કવયિત્રી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. અમારી સહિત્ય સમિતિના સભ્ય શ્રીમતી પૂર્ણિમાબેન ભટ્ટનાં અથાક પ્રયાસથી સંસ્થાના વજુભાઈ ટાંક હોલમાં ગુજરાત અને મુંબઈથી ૩૩ જેટલી કવયિત્રીઓએ આવીને ભાગ લીધો હતો. અને એમની રચનાઓથી શ્રોતાઓને ભાવવિભોર કરી દીધાં હતાં. આજે પહેલીવાર અમે ‘વિશ્વ મહિલા દિન’ નિમિત્તે આ ઓનલાઈન કવયિત્રી સંમેલન કરી રહ્યાં છીએ. ગુજરાતની નામાંકિત કવયિત્રીઓ એમાં ભાગ લઈ રહી છે. એમને એકત્રિત કરવાનું ભગીરથ કાર્ય, અમારી સાહિત્ય સમિતિના કન્વીનર શ્રીમતી યામિનીબેન વ્યાસે કર્યું છે. એમને પૂર્ણિમાબેન ભટ્ટનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. આ બન્ને કવયિત્રીઓનાં કાર્યની સંસ્થા સવિશેષ નોંધ લે છે.

આ ઈ-પુસ્તકનાં પ્રકાશનમાં મિત્ર શ્રી નરેશ કાપડીઆનો સિંહફાળો છે. આકર્ષક મુખપૃષ્ઠ અને આ ઈ-પુસ્તક એમને લીધે જ શક્ય બન્યું છે. એમનો હું આભાર માનું છું. ઓનલાઈન કવયિત્રી સંમેલનનું આમંત્રણપત્ર અમારી ચિત્રકળા સમિતિના કન્વીનર શ્રી રાજર્ષિ સ્માર્તે બનાવેલ છે. એમને પણ અભિનંદન આપી, એમની આ સેવાની સહર્ષ નોંધ લઉં છું. આ પુસ્તકનાં પ્રકાશનમાં સાથ સહકાર આપનાર અમારી સંસ્થાની કારોબારીના તમામ સભ્યોનો ખૂબ ખૂબ આભાર.

રૂપીન પચ્ચીગર
મહામંત્રી
રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત.
૮ માર્ચ, ૨૦૨૧





# કાવ્યશ્રી

નમસ્કાર,

આવશો તો હરખાશે હૈયું એ લાભમાં,
કવિતાનો સૂરજ તો ઊગવાનો રાષ્ટ્રીય કલા કેન્દ્રના આભમાં.

આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે દેશવિદેશથી પધારેલ ખૂબ વહાલી આદરણીય કવયિત્રીઓનું ઉષ્માભર્યું સ્વાગત છે, આવકાર છે.

રાષ્ટ્રીય કલા કેન્દ્રના આંગણે ઓનલાઇન કવયિત્રી સંમેલન યોજાઇ રહ્યું છે એ વિવિધ ફોરમનો આડત્રીસ કવિતાઓનો ગુલદસ્તો આ ઈ બુકમાં સમાવાયો છે.
કવયિત્રીઓએ કાગળ પર હૃદય ઉતાર્યું છે. અદભૂત કાવ્ય વૈભવ છે. આ કાવ્ય મહેક સૌને માણવી ગમશે.
અહીં પધારવા બદલ સૌ કવયિત્રીઓનો ખૂબ ખૂબ આભાર.
આયોજન કરવા બદલ રાષ્ટ્રીય કલા કેન્દ્રના પ્રમુખ શ્રીમતી નયનાક્ષીબેન વૈદ્ય અને મહામંત્રી શ્રી રૂપીનભાઈ પચ્ચીગરનો આભાર.
સંપાદન અને સંયોજન માટે શ્રી નરેશભાઈ કાપડિયાનો ખૂબ ખૂબ આભાર. આ કવયિત્રી સંમેલનનું 'કાવ્યશ્રી' જેવું મધુર નામ સૂચવવા બદલ આદરણીય શ્રીમતી દક્ષાબેન વ્યાસનો આભાર અને સુંદર આમંત્રણ પત્ર બનાવવા બદલ ચિત્રકલા સમિતિના કન્વીનર શ્રી રાજર્ષિ સ્માર્તનો પણ આભાર.

યામિની વ્યાસ
કન્વીનર, સાહિત્ય સમિતિ
રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત





# કાવ્યશ્રી

## સંપાદકીય

पोंछ कर अश्क अपनी आँखों से,
मुस्कुराओ तो कोई बात बने;
सर झुकाने से कुछ नहीं होता,
सर उठाओ तो कोई बात बने.
- साहिर

આજે 'વિશ્વ મહિલા દિન' નિમિત્તે કવયિત્રી બહેનોની સુંદર કાવ્ય રચનાઓનો સંપુટ બને અને તેમની લાગણીઓનો પ્રસાર થાય એજ ઉત્તમ ઉજવણી.

આ 'કાવ્યશ્રી' સંપુટમાં લાગણીઓ, ભાવનાઓ, ઉષ્મા અને અપેક્ષાઓનો સૈલાબ ઉમટ્યો છે. વિશેષ આનંદ એ વાતનો પણ છે કે આમાંના ઘણાંખરાં કાવ્યો આજના પ્રસંગને માટે જ સર્જાયાં છે. સ્ત્રી રૂપ જ સંવેદનાનો અવતાર હોય છે અને તેમાં વળી કાવ્યતત્વ ઉમેરાય એટલે તો સોનામાં સુગંધ ભળે.

ઉમીદ છે, ઉષ્મા અને ઉમળકાનો આ સંપુટ સૌને ગમશે. મને આ તક આપવા બદલ રાષ્ટ્રીય કલા કેન્દ્રના પ્રમુખ મહોદયા નૈનાક્ષીબેન વૈદ્ય, મહામંત્રી અને પ્રિયમિત્ર રૂપીન પચ્ચીગર અને વહાલી યામિનીબેનનો આભાર.

નરેશ કાપડીઆ
સંપાદક



રાષ્ટ્રીય કલા કેન્દ્ર

સ્થાપના તા. ૧૦-૦૭-૧૯૫૫



# અનુક્રમ


| | |
|---|---|
| ઉષા ઉપાધ્યાય અમદાવાદ | ૦૮ |
| એષા દાદાવાળા સુરત | ૧૦ |
| ગાયત્રી ભટ્ટ ગોધરા | ૧૨ |
| ગોપાલી બુચ અમદાવાદ | ૧૫ |
| દક્ષા વ્યાસ વ્યારા | ૧૮ |
| નંદિતા ઠાકોર અમેરિકા | ૨૨ |
| નેહા પુરોહિત ભાવનગર | ૨૫ |
| પારુલ બારોટ અમદાવાદ | ૨૭ |
| પૂર્ણિમા ભટ્ટ સુરત | ૨૯ |
| પ્રજ્ઞા વશી સુરત | ૩૧ |
| ભાર્ગવી પંડ્યા અમદાવાદ | ૩૭ |
| યામિની વ્યાસ સુરત | ૩૯ |
| રીના મહેતા સુરત | ૪૧ |
| સંગીતા ચૌહાણ સુરત | ૪૪ |
| સંધ્યા ભટ્ટ બારડોલી | ૪૬ |
| ડૉ. સેજલ દેસાઈ | ૪૮ |
| સ્વાતિ નાયક નવસારી | ૫૦ |
| હર્ષા દવે ભાવનગર | ૫૨ |
| હર્ષિદા ત્રિવેદી રાજકોટ | ૫૪ |

  

# ઈશ્વર કહે

## ઉષા ઉપાધ્યાય અમદાવાદ

રોજ માપ્યું, રોજ  કાપ્યું તેં ભલે, ઈશ્વર કહે
લે હવે માપીને કાપું છું તને, ઈશ્વર કહે.

ક્યાં સુધી તું આમથી ને તેમથી થીગડાં દઈશ?
સાવ તકલાદી વણ્યું તેં સ્વપ્નને, ઈશ્વર કહે.

વસ્ત્ર નૈ ફાટી રહ્યું હોવાપણું આ આપણું,
હું જ જીતું જીદ એવી કાં ધરે? ઈશ્વર કહે.

છેવટે કંટાળીને મા બાળને નીચે મૂકે,
એમ તરછોડી તને નદીઓ વહે, ઈશ્વર કહે.

તેં બધાં યે જીવને કેવા લીધાં' તા બાનમાં!,
એ જ પિંજર સામટાં આજે ફળે, ઈશ્વર કહે.





# શબ્દનો દીવો

## ઉષા ઉપાધ્યાય અમદાવાદ

વરસતી આભથી વર્ષા, હરખથી વિશ્વ અજવાળે,
(પણ) વિયોગી, છત વિનાનાં, એમને તો રોજ ધમકાવે.

સવારે રોજ આવીને પૂછે છે મોજથી એમને,
રૂપાળાં વસ્ત્રમાં આવી, પીડાઓ દ્વાર ખખડાવે.

ભભક રંગોની લઈ આવી, વસંતે કામ શું કીધું?,
કરી તાજાં જખમને એ, ઉપરથી ક્ષાર ભભરાવે.

જુઓ કાપી, ફરી આવી, ફરી બાળી, છતાં આવી,
નમૂળી વેલ ઈચ્છાની, વધીને રોજ ભરમાવે.

વગર દાંતે મૂકીને બોર મોંમાં વૃદ્ધ કાં મલકે ?,
હશે ના સ્વાદ બોરાંનો, હૃદય શૈશવને મમળાવે.

મળ્યું ઘર ગાર - માટીનું ને દીવો શબ્દનો બળતો,
ગયા ભવનો ચરુ ઊકળે, કવિતા એ જ સરજાવે.



  

# મા બોલ
## એષા દાદાવાળા

હવે તને આ ખાલી પેટનો ભાર લાગે છે ને?
પેટ પર વાગતીને મીઠી લાગતી એ લાતો,
આંખોની પેલે પાર બહુ વાગે છે ને?
તારામાં ઊગી'તી એ નાનીશી વેલને,
પહેલાં તો આપ્યો'તો આધાર,
તારામાં શ્વસતો એ જીવ હું છું,
એ જાણ્યા પછી પેટનો યે લાગ્યો'તો ભાર?
અરીસા સામે જોઈ મલકાતી તું હવે એનાથી પણ દૂર ભાગે છે ને?
તમારું પણ કેવુ પહેલાં તો
પ્રાર્થી-પ્રાર્થીને તમે જ બાળકને માંગો,
પેટમાં દિકરી નથી એવી ખબર પડે
પછી ભગવાનને કહી દો, તમે જ રાખો!
અનાયાસે દેખાતું લોહી હવે ભારોભાર પસ્તાવો અપાવે છે ને?
છૂટાં પડતા રડવું આવે,
એવો આપણો ક્યાં હતો સંબંધ?
તારાં ય જીવતરની પડી ગઈ સાંજ
આકાશનો લાલ લાલ થઈ ગયો રંગ!
પરી જેવી ઢીંગલી ચુમી ભરે એવું શમણું હજીયે આવે છે ને?





# એ રાત્રે

## એષા દાદાવાળા

એ રાત્રે
આંખો અને પાંપણો વચ્ચે
સફળ સંસર્ગ થયેલો.
અને આંખોને ગર્ભ રહી ગયેલો સપનાંનો !
માના પેટમાં બચ્ચું આકાર લે,
બસ એમ જ
સપનું વિકસવા લાગ્યું આંખોમાં...
આંખોને મીઠાં ગલગલિયાં પણ થયાં !
ત્યાં અચાનક
પોપચાં ફડક્યાં.
હાથેથી આંખોને પસવારી પણ ખરી.
ત્યાં જ આંખેથી નીકળ્યું પાણી.
સફેદ શ્વેતપટલ લાલ-લાલ થઈ ગયો.
આંખો ખૂલી ગઈ
અને
ફરી એક વાર
કસમયે
ગર્ભપાત થઈ ગયો એક સપનાનો !









# નારી તું નારાયણી

## ગાયત્રી ભટ્ટ  ગોધરા

જાત જાતનાં વ્રત કરે તું ,
નવ નવ મહિના તપ કરે તું,
નારાયણી તું નર જણનારી
તો આ નરથી કેમ ડરે તું ?!

રે ! તન તારું નાજુક ડાળ
રે ! મન તારું ઘેઘુર વડલો
વખતે વખતે જાત ઉલેચી
ભર્યા કરે તું જીવતર ઘડલો

કોઈ ન ભાળે એવી રીતે
ઝીણું ઝીણું રોજ ખરે તું !
નારાયણી તું નર જણનારી
તો આ નરથી કેમ ડરે તું ?!

માનવતાના મોંઘાં મોતી
ટાંકી ટાંકી પહેરે વસ્તર
હોંશે હોંશે સંતાડીને
પંડે બાંધે પીડા અસ્તર

તું જ વીજ ને તું જ વાદળી
તેજ તેજમાં ભેજ ભરે તું
નારાયણી તું નર જણનારી
તો આ નરથી કેમ ડરે તું ?! →







→

તું જનની છો આખા જગની
જાણ તને છે એની રગ રગ
તું જ સીતા ને તું સાવિત્રી
તું ધરતીની ધખના ધગ ધગ !

તું જ વહે થઈ સ્નેહ સરિતા
રજ રજકણની પ્યાસ હરે તું
નારાયણી તું નર જણનારી
તો આ નરથી કેમ ડરે તું ?!

જાત જાતનાં વ્રત કરે તું
નવ નવ મહીના તપ કરે તું
નારાયણી તું નર જણનારી
તો આ નરથી કેમ ડરે તું ?





# આંગણું

## ગાયત્રી ભટ્ટ ગોધરા

વાત સૌ સમજી ગયું છે આંગણું
આખું ઘર વાંચી ગયું છે આંગણું.

બાળપણની યાદ આવી ગઈ હશે
એટલે પલળી ગયું છે આંગણું.

દાદીમાએ વારતા માંડી જ ત્યાં
ઓટલે બેસી ગયું છે આંગણું !

મોભના માથે પસીનો જોઈને
એકદમ થાકી ગયું છે આંગણું !

દ્વાર, છત, દીવાલ, સૌ ફફડી ઉઠયાં
સ્હેજ જો ધ્રુજી ગયું છે આંગણું !

હું સમયસર ઘર અગર પહોંચી નહીં
શોધમાં દોડી ગયું છે આંગણું !

એક જણની રાહ જોઈ જોઈને
આખરે ઉંઘી ગયું છે આંગણું !

ઘર પથારીમાં પડ્યું છે , ને જુઓ -
ક્યારનું ઊઠી ગયું છે આંગણું !







## હાં રે અમે મમતાના ઝરમરતાં ઝાંરણ

ગોપાલી બુચ અમદાવાદ

વાત હોય કે જાત જરા તૂટે તો ફટ્ટ વળી
મમતાનું રેણ મારી સાંધીએ,
ઠેબે ચડેલી કોઇ તીણી એવી ચીસને,
લાગણીને ઝારણ મઠારીએ.

હાં રે અમે લાગણીયા ભીનેરાં ઠારણ.
હાં રે અમે લાગણીયા ભીનેરાં ઠારણ.

સિંદુરી શમણાને સરોવરની પાળ દઈ
પોયણી શાં ખિલ્યાંના કારણ.
હાં રે અમે લાગણીયા ભીનેરા ઠારણ.

કાળઝાળ બળબળતી બપોરી વેળામા
કોયલના ટહુંકા ટહુંકારીએ,
ફાગણિયો ફાલ લઈ ફોરમતી ધરતીને
સંધ્યાની લાલી લગાવીએ.

હાં રે અમે છમ્મલીલાં તડકાના તારણ.
હાં રે અમે છમ્મલીલાં તડકાના તારણ.

→

  

→

સૂરજના તાપને પીળચટ્ટા ગરમાળે
ઘટઘટ પીધાંના કારણ.
હાં રે અમે તડકાના છમ્મલીલાં તારણ.

નેહભીના નયનોમાં ઘૂઘવતા દરિયા પર
બારમાસી ચોમાસા વારીએ,
અંતરનાં અજવાળે પાંગરેલી પ્રિતને
મિંઢળના ટુચકે મઠારીએ.

હાં રે અમે પાનખરનાં મધઝરતાં મારણ !
હાં રે અમે પાનખરનાં મધઝરતાં મારણ !

ગમતો ગુલાલ થઈ વ્હાલપની વેલીમાં
વસંત થઈ ખિલ્યાંનાં  કારણ.
હાં રે અમે પાનખરનાં  મધઝરતાં મારણ.

હાં રે અમે મમતાનાં ઝરમરતાં ઝારણ.





# વાસંતી વરતારા

ગોપાલી બુચ અમદાવાદ

ફાગણિયા ફાલમાં ફોરમતી ઓઢણીયો
કેસુડે રંગી રંગાય
લીલીછમ ડાળ સંગ કુણેરાં પાન
હળું ધરતીને ચૂમવાને જાય
હાય, નેણાં પણ નખરાળાં થાય.
સખી વાસંતી વરતારા થાય

સુરખી ગુલાલની લઈ મહાલે વાયરો
રંગત સુગંધી છલકાય
પોપણી શી  ખિલખિલ નાજુક બે પાંખડી
આછું આછેરું મલકાય
હાય, નેણાં પણ શરમાળાં થાય.
સખી વાસંતી વરતારા થાય

સળ જરાં સળવળતી સુતેલાં સપનાની
છમકારાં ભીતર છવાય
કહેવું તો કેમ કરી કહેવું સજન મારે
રોમરોમ લજ્જા લહેરાય
હાય, નયણાં કેસરિયાળાં થાય
સખી વાસંતી વરતારા થાય.







# શોધ્યા કરું છું

## દક્ષા વ્યાસ, વ્યારા

સવાર પડે છે ને રાત પડે છે
શોધ્યા કરું છું સોનપરીને

વસંતની વહેલી સવારે
પોપચાં પર પગ ટેકવીને
બેઠી ભાળું- ન ભાળું ત્યાં
ઊડી જાય એ ફર્ર્ર્
અજાણી વનરાજીમાં
પુષ્પપાંદડીની પાંખો પહેરીને

શ્રાવણની ઝીણી ઝરમરમાં
ઝાંઝરના  ઝણકાર રેલતી
ઠમકાં લેતી એને
ઝાલું -ન ઝાલું ત્યાં
ફોરાંના ત્રિપાર્શ્વ ગોળામાં બિરાજીને
પહોંચી જાય છે
મેઘધનુના આકાશી ઝરૂખે

→

  

→

શરદની અચ્છોદ ધવલ રાત્રે
રાતરાણીના  મઘમઘતા  પ્રાંગણમાં
આંખો બિછાવીને
બેસું છું પ્રતીક્ષામાં
શકે
રૂપેરી પડદાની બહાર
આવે એ ધરાર

પણ પછી પળ
આકળ વિકળ
ને...
કેદ થઈ  જાય છે એ
ઘેરી નિંદરની  કિલ્લેબંધીમાં
સવાર પડે છે ને રાત પડે છે
શોધ્યા કરું છું મને - સોનપરીને.




# ફલ્લાંગ ભરીને
## દક્ષા વ્યાસ વ્યારા

આદિ કાળથી ઉંબર દેખાડ્યો એ
આદમી હતો
ભિક્ષાર્થે ઉંબર ઓળંગાવ્યો
તેય આદમી જ વળી!
જન્મારાથી ઉંબરે ઊભીને
ઝંખ્યા કર્યા જે વાલમના બોલ તેય
આદમી,
ને દરવાજા પછીતે અંધારિયા ખૂણે
ધરબી દેનારોય આદમી જ
ઉંબરેથી વાળ્યા કરી મને પાછી
જેણે ફરી ફરી
હવે પરવા કરે જરી મારી બલા!
ફલ્લાંગ ભરીને ઉલ્લંઘાય એને
જાણ્યું
આકાશ આખું
અવની પર આણ્યું

→







→

- ઠેશ વાગે
લોહીના  ટશિયા  ફૂટે તો ફૂટે-
પોતાના  પગે ખૂંદીશ સઘળી  ધરતી
પોતાના બાહુમાં સમાવીશ  સારી સૃષ્ટિ
પોતાની આંખે  વીંધીશ  આખું અંતરીક્ષ
લો.....
આ હળુ હવાની ફરફર
ને રોમ રોમ પુલકિત !
આ માટીની મહેક  મહેક
ને મનખો  તરબતર!
આ મુક્ત ગગનમાં ઊડતો પંખીરવ
ને સકળ સભર સભર







# કાલે રાતે
## નંદિતા ઠાકોર અમેરિકા

કાલે રાતે
એની નાજુકડી કાયાની હૂંફ
મારી સોડમાં ભરી
મારી દીકરીએ કહ્યું: મમ્મા, વાર્તા
કહેને!
અને મેં એને કહી વહેતાં નદી-
ઝરણાંની વાત.
(મારી નસોમાં વહેતી વેદનાની
નહીં)
મેં કહી વરસાદનાં ઝરમર બુંદની
વાત.
(મારી પાંપણથી ઝરતાં અશ્રુબુંદની
નહીં)
અને કહી પર્વતો, ડુંગરોની વાત.
( હ્રદય પર બોજ બની બેઠેલા
વ્યથાનાં
ડુંગરોની નહીં)
મેં એને કહી કલ્પનાની, સપનાંની
વાત.
(મારાં અંતરમાં અમળાતાં અધૂરાં
શમણાં કે ઝંખનાની નહીં જ.)

→





→

પછી
એ નીંદરમા સરી ગઇ છે એમ માની
મેં પાછો ઓઢી લીધો
મારા અસ્તિત્વનો અંધાર...
જરા વારે અચાનક ઝબકી જાગી
ત્યારે
એક નાનકડો ઉંઘરેટો હાથ
ફરી રહ્યો હતો મારા કપાળે..
હું જોઈ રહી એ મીઠડા મુખને.
વિચારતી-
આ તે મારી દીકરી...
કે મા?





# કેમ કરી તોલીએ?
## નંદિતા ઠાકોર અમેરિકા

અધવચ્ચે ખૂટ્યા છે કંકુના શ્વાસ
ઝૂરે મેંદીની ભાત સૂના ઢોલિયે
હવે કઇ દિશના દરવાજા ખોલીએ?

અવસરને નામે એક અફવા ઉડી'તી
એની ચર્ચા કરતું'તું ગામ આખું
ફૂટ્યા અરીસાની કરચોની જેમ
ફૂટ્યાં સપનાંઓ ક્યાં જઇને નાખું?
મનગમતી વેળાના અણસારા સ્હેજ ફરી
પરશે તો કાંક વળી બોલીએ...

હોવા ને થાવાની ઘટનાનો ભેદ અમે
પરખ્યો એ ચોટ હતી ભારી
કોણ જાણે શેના ભણકારા લઇ માંહ્ય
હજુ ઇચ્છાઓ ઝબકે કુંવારી!
વીતેલી વેળાને હાથવગી ઘડીઓની સંગાથે
કેમ કરી તોલીએ?







# હું વાંસળી હતી

નેહા પુરોહિત ભાવનગર

હું વાંસળી હતી,
હા, કદાચ વાંસળી જ
મને મારા સૂરો વિખેરવાની હોંશ હતી,
કદાચ યુગો પૂર્વે છૂટી ગયેલો
મારા કૃષ્ણનો સાથ ફરી પામવાની શક્યતા ફરી દેખાયેલી
મને..
મેં સાંભળ્યું કે તું ય અચ્છો બજવૈયો છે
ને સાજ સાથે ખુદના સ્વરની સંગત કરી જાણે છે
એક દિવસ મને તારા હોઠની શોભા બનવાનો અવસર મળ્યો
ને હું હરખાઈ ગઈ
હવે તો મારે કેળવાયેલાં કંઠ સાથે સૂરોની રમઝટ
બોલાવવાની..
બધાં મંત્રમુગ્ધ થઈ જાય એવો સમો બંધાશે..
તેં પ્રથમવાર મારામાં ફૂંક મૂકી
મેં ય જીવ પર આવીને સૂર રેલાવ્યા હતા..
કદાચ એ વખતે તને મારો સ્વર તારા સૂરને અનુકૂળ નહીં
લાગ્યો હોય
તે મને તારી રીતે મઠારવાનું શરુ કરી દીધું
આજે તારા લાખ પ્રયત્નો હોવા છતાં ય
કોઇ પણ સૂરને જન્મ આપવાની મારામા તકાત નથી રહી..
હું વાંસળી નથી રહી
ચાળણી બની ગઈ છું !





# વાદળ વરસ્યું કે પછી તું?
## નેહા પુરોહિત ભાવનગર

વેણીથી વીંછીયા લગ લથબથ ભીંજાઈ, જાણે સપનાની નગરીમાં છું !
મુછમાં મલકાઈ મને મૂંઝારો દે મા અલ્યા, વાદળ વરસ્યું કે પછી તું ?

ઓઢણીમાં છાપેલી લીલવણી વેલ ઉપર સાચકલાં ઉગ્યાં છે ફૂલ;
નીતરતી પીઠને વળગીને એ પાછું શું શું કરાવે કબૂલ !
કેમ રે કહું કે તારે શ્રાવણની મોજ, મારે રોમરોમ વૈશાખી લૂ..
અલ્યા, વાદળ વરસ્યું કે પછી તું ?

વરસે આવે, ને ગાજીવાજીને વરસે એ વાદળને કરવું શું વહાલ ,
ચાહું હું તારો કાયમનો સંગાથ બાજે મીઠો મૃદંગી જપતાલ !
વાદળમાં સરસરસર સરે જેમ વિજ, એમ તારા આલિંગનમાં હું..
પછી વાદળ વરસ્યું... ને પછી તું...



  

# ઝૂકી જાવ થોડું

## પારુલ બારોટ અમદાવાદ

તૂટેલાં સંબંધો બચાવી શકો તો ઝૂકી જાવ થોડું.
ખુશીઓની મ્હેંફિલ સજાવી શકો તો ઝૂકી જાવ થોડું.

સંબંધો તુટે છે દિલાસા,ખુલાસા વધી જાય ત્યારે,
હ્રદય બ્હાર એને હટાવી શકો તો ઝૂકી જાવ થોડું.

ગણતરી કરો ના પુરી ક્ષણને માણો છે સગપણ મીઠેરું ,
રિસાયો સમય છે? મનાવી શકો તો ઝૂકી જાવ થોડું.

એ અંગત ક્ષણોની જણસને પીછાણો હિસાબો કરો નહીં ,
થતાં વિખવાદો દબાવી શકો તો ઝૂકી જાવ થોડું.

ઉમળકાથી માણી ઘણી રાત કિંમતી એ વાતો ભીતરની,
ફરીએ ઉમળકાને વાવી શકો તો ઝૂકી જાવ થોડું.

ક્ષમા આભૂષણ છે જીવનનું અમૂલ્ય ગીતામાં કહ્યું છે,
એ શબ્દો હ્રદય માં પચાવી શકો તો ઝૂકી જાવ થોડું...

  

# શક્તિ

## પારુલ બારોટ અમદાવાદ

હું નથી તો ક્યાંય પણ અસ્તિત્વનો છાંટો નથી હું પ્રેમ છું,
વેદના,ખુશી છું કોઈ વાડનો કાંટો નથી હું પ્રેમ છું.

આંગળીના ટેરવે હું સ્નેહને છલકાવી દઉ છે આવડત,
એક સરખું વ્હેણ મારું ક્યાંય પણ ફાંટો નથી હું પ્રેમ છું.

મારા પંડે આવવાને દેવતાઓ રટ લગાવે છે ઘણી,
મારી મમતા માપવાને ક્યાંય પણ કાંટો નથી હું પ્રેમ છું.

જળની માફક ઝળહળી કૈ પાત્રને અજવાળતી નારાયણી,
હું મીઠેરા સગપણોને સાચવું ઘાટો નથી હું પ્રેમ છું.

નામ શક્તિ આપવાને સૌ અહીં તત્પર રહે છે કાયમી,
મારા જખ્મોને રુઝાવી નાખતો પાટો નથી હું પ્રેમ છું.





# સ્ત્રીની વ્યથા

## પૂર્ણિમા ભટ્ટ 'શબરી' સુરત

ત્રાસ લાગે છે હવે તો, ઉફ! આ તારી વ્યસ્તતા,
"ખાસ" લાગે છે! હવે તો, ઉફ! આ તારી વ્યસ્તતા.

સૂર્યના ઉગતા જ તારું હોડ માંડી દોડવું,
પ્રાસ લાગે છે હવે તો, ઉફ! આ તારી વ્યસ્તતા.

હાથમાંનો કોળિયો જેવો ધર્યો એમજ રહ્યો
રાસ લાગે છે હવે તો, ઉફ! આ તારી વ્યસ્તતા.

છે તરસ ઝળહળની એવી હોઠ પરના ચાંદને,
ગ્રાસ લાગે છે હવે તો, ઉફ! આ તારી વ્યસ્તતા.

ઊનની ઓઢી રજાઈ તો ય અંગો કાંપતા,
હાસ લાગે છે હવે તો, ઉફ! આ તારી વ્યસ્તતા.

સ્પર્શ ઠંડોગાર તારો, તારી આ નિષ્ક્રિયતા,
ભાસ લાગે છે હવે તો, ઉફ! આ તારી વ્યસ્તતા.

રોજની ઘટમાળ એવી થઈ નિરસ આ જિંદગી,
તાસ લાગે છે હવે તો, ઉફ! આ તારી વ્યસ્તતા.





# સાત સમંદર

## પૂર્ણિમા ભટ્ટ 'શબરી' સુરત

સૂરજનાં કિરણો છેદે છે અંધારાના સાત સમંદર.
ઝાકળની આંખોમાં ડૂબ્યા પલકારાના સાત સમંદર.

અંધારાને ઘોળી પીતાં, આગિયાઓના ટોળે ટોળાં,
અમથા ભીતર ધરબી રાખે ઝબકારાના સાત સમંદર.

એક સમયનો પરપોટો મેં ફટ કરતો જ્યાં ફોડી નાંખ્યો,
ક્ષણ તૂટી તો નીકળી આવ્યા સિસકારાના સાત સમંદર.

કોણે આવી શબ્દોના આ ભીતરમાં ભંડાર ભર્યા છે,
અર્થોનાં ટીપે છલકાતા, હેલ્લારાના સાત સમંદર.

આડી ઊભી રેખા ખેંચી, ગ્રહ નક્ષત્રો વાંકા ચાલે,
હાથોની રેખાએ પીધા વરતારાના સાત સમંદર.

શબ્દ સમંદર એવો સ્પર્શ્યો એના હોઠોની મુસ્કાને,
સંવેદનમાં ધબકી ઉઠતા, ધબકારાના સાત સમંદર.







# સ્ટેચ્યુ

## પ્રજ્ઞા વશી સુરત

શું ?
આ  બેહજાર વીસની સાલને કોઈએ સ્ટેચ્યુ કરી હતી ?
કે પછી ઈશ્વરે જ ભુલમાં
આ કાળચક્ર પણ  કેવું ?
હું  કંટાળીને  સ્ટેચ્યુ થયેલ એ  વિશ્વને
ફરી ફરી જોવા
સહેજ આંખો બંધ કરું છું
પણ આ શું?

માનવોનો દોડવાનો, હાંફવાનો અવાજ જાણે કે
સાયલન્ટ મોડ પર કોઈએ મુકી દીધો ન હોય?
પેલી ગળાકાપ સ્પર્ધાનાં મહારથી
પેલાં તું તું, મેં મેં કરનારા પણ નથી દેખાતા?
પેલાં સિમેન્ટ કોંક્રિટનાં મકાનોએ
હાથ પગ ફેલાવવાનું બંધ કરી દીધું કે શું?
મિલોનાં ભૂંગળાનો ઝેરી વાયુ, ઝેરી કેમિકલ્સ
ક્યાં ધરબાઈ ગયાં?
સ્વચ્છ નિર્મળ નદીઓ, દરિયા, ઝરણાં
પણ ચોખ્ખી હવાથી આ જીવ
ગભરાય કેમ છે?
→





→

શાળા કોલેજોની ટન ટન
મંદિર મસ્જિદ, ઓફિસ, બજાર,
રિક્ષા, ગાડી, બસ ટ્રેન, પ્લેનનાં
ચક્કા જામ પણ ક્યાં?
ધુમ્મસ ધુમ્મસ અંધારીયા સવાર ક્યાં ગઈ?
આ સૂરજ આટલો ચમકદાર અને તેજીલા અશ્વ જેવો
ક્યારથી થઈ ગયો?
શું કોઈ મુનિએ દીધેલ શાપની અવધિ
પૂરી થઈ ગઈ કે શું?
પણ-- કોઠે પડેલ ધુમ્મસિયાં  જીવન વિના તો
અરે! આ તે કંઈ જીવન છે?
ઘડિયાળનાં કાંટા કેમ ફરતા નથી?
ટકોરા પણ કેમ બંધ છે?
કેલેન્ડર ભલાં ક્યાં ગયું?
ને આ તારીખિયું કોણે ફેંકી દીધું?
અમારી અવિરત દોડની
ઇર્ષા કરી કોઈને શું મળવાનું છે?
કોઈ તો જીવવા દો અમને અમારી રીતે
અમે જ ઊભી કરેલ માયાજાળ
ઉજાગરા કરીને ઉછેરેલ
સપનાઓ, ઈચ્છાઓ, સંવેદનો, આવેગો
કોરોનાગ્રસ્ત  થઈ ગયા કે શું ?

→







→

બધાં જ અંગો એની જગ્યાએ નથી
શ્વાસમા કશુંક ખુટે છે, કશુંક તુટે છે
પેલાં ટોળેટોળાં અથડામણ, સભા- સરઘસ, શોરબકોર
ઉપર
બુલડોઝર કોણે ફેરવી દીધું?
આ વિશ્વને કોઈની
નજર લાગી ગઈ છે કે શું?
મેં
આખરે થાકીને,વર્ષ ભરનું
સરવૈયું કાઢ્યું
તો  એટલું  સમજાયું
કે ઈશ્વરની લાલ આંખ પછી પણ
મૂર્ખ માનવ કશું જ --- ન શીખ્યો હોય
તો એ નાદાન અણસમજને માફ કરી
હે પ્રભુ,
પંખીને ગાતું રાખવાં
ફૂલને હસતું રાખવાં
પતંગિયાને ઉડતું  રાખવાં
નદી, ઝરણુ  વહેતું રાખવાં
સમગ્ર સૃષ્ટિને
ક્યારેક ક્યારેક
સ્ટેચ્યુ
જરુર કરતો રહેજે----- !!!





# હે આઈશા - પ્રજ્ઞા વશી, સુરત

(અકાળે મૃત્યુને ગળે લગાડનાર આઈશાને શ્રધ્ધાંજલિ)

હે આઈશા ---
કોઈ કહે જા ડૂબી મર
એટલે શું આપણે નદીમાં ડૂબી મરવાનું ?
કોઈ કહે કે જા,ચાલી જા મારાં જીવનમાંથી
ને કોઈ કહે આવી જા મારાં જીવનમાં
એટલે શું  આપણે આમ આવ -જા  કરવાની  ?
આઈશા, જિંદગી આપણી---શ્વાસ આપણાં
એનું સુકાન ભલાં, કોઈ બીજાને
કંઈ રીતે સોંપી શકાય?
એક ઘડી થોભી વિચારવું તો હતું
કે જિંદગી પર અધિકાર કોનો?
અધિકાર તો માત્રને માત્ર
જિંદગી દેનારનો, ઈશ્વરનો
તો પછી આમ બની બેઠેલા
પોકળ આકાઓને ઈશારે નાચવું
કે પછી ગળે ટૂંપો દેવો
એનો અર્થ તો એ જ થયો
ખુદ સર્જનહારનો નકાર --
અને એનાથી વધુ --
ભેડિયાઓને ચરવા આમ મોકળું મેદાન?
વાહ ----શાબાશ ---- સખી,
પ્રેમ આંધળો હોય છે એ તેં સરસ સાબિત  કર્યું.

→





→

પ્રેમનું બીજું નામ કુરબાની
એ પણ તે ખૂબ ઝડપથી પૂરવાર કર્યું
પણ સખી, પ્રેમમાં બેઉં પક્ષે કુરબાની હોય
એ વાત, તું સાવ જ ભુલી ગઈ?
બસ મને એટલું જ દુઃખ છે
કે
પ્રેમનો દાખલો તેં
સાવ ખોટો ગણ્યો
ને સાવ ખોટું  ઉદાહરણ  પૂરું પાડ્યું
કાલે ફરી પાછાં, આ ભેડિયા ખૂલ્લેઆમ ફરશે
અને --અને ત્યારે
એની જીતની જશનનો  વિડિયો, ફૂલ વોલ્યુમમાં
તને મુર્ખ બનાવ્યાનું, અટ્ટહાસ્ય કરતો હશે
ત્યારે
હું
કાંકરિયાની પાળીએ ઉભી રહી
ફરી કોઈ
આઈશા નામની પાંગરતી કળી
કોઈ શેતાનની પાછળ
કુરબાન ન થઈ જાય, એ જોતી
ખોડાય ગઈ હોઈશ
આથમતાં સૂર્યને જોતી જોતી
પણ આઈશા
કાલે ફરી સૂરજ ઉગવાનો છે
→





→

અને ત્યારે
ફરી ફરી આપણે
એની એજ ભુલ
નહીં જ કરીએ
હરગીઝ નહીં
તું ફરી, કાલનાં સૂર્યાસ્ત સાથે ઉગશે
એક નવાં જ રુપે
અને આપણે સહું સખીઓ મળીને
નદીમાંથી ઉગતો એક તેજસ્વી સૂરજનો
વિડિયો બનાવીશું
જેમાં સૂરજ ઉગતાની સાથે જ પેલાં
શેતાનો ભડભડ સળગી ઉઠશે
અને  ત્યારે, એમને
આગ બુઝાવવાં
ચુલ્લુભર પાણી પણ નસીબ નહીં થાય!!!









# સ્ત્રી એટલે નદી એટલે વહેવું

ભાર્ગવી પંડ્યા અમદાવાદ

વહેતી રહી છે એ પર્વત
પરથી ખળખળ ખળખળ...
સમયની રેખાઓ સાથે
સ્વયં દોરાતી આકારાતી ચાલે છે પળપળ હરપળ...
ટેકરી પરના ઘાસની
ભીની ખૂશ્બુને સાથે લઈ સફરમાં
ધપી રહી છે આગળ
છલકતી,મલકતી, મલપતી, બેઉ કાંઠે.
થોડી સ્વપ્નામાં, થોડી વાસ્તવમાં,
ક્યાંક સ્મરણમાં, ક્યાંક વિસ્મરણમાં.
ક્યારેક અવરુદ્ધ કેડીઓ પર
વાવતી જાય છે
લીલાછમ વૃક્ષનું સ્વપ્ન.
ક્યારેક કાળમીંઢ ખડક સાથે અફળાઈને
પણ બમણા વેગથી જઈ રહી છે
એ મંઝિલ તરફ.
એના શ્વાસોના ભીના લયમાં
કોઈકે તરતી મૂકેલી
કાગળની હોડીને પણ
વ્હાલથી ખોળામાં લઈ એ વહેતી રહે છે,
વહેતી રહે છે.
પણ અચાનક ક્યાંક ભળી જવાને બદલે,
હળવેથી એક વળાંક લઈને
એણે વહેણ બદલ્યું
અને વહેવા માંડ્યું બેય કાંઠે,
ભરપૂર, મુક્ત, ઉન્મત્ત.





# ઘણી તકલીફ પહોંચી છે
## ભાર્ગવી પંડ્યા અમદાવાદ

જરા ડૂબી ઉભરવામાં ઘણી તકલીફ પહોંચી છે,
રહસ્યોને  ઉઘડવામાં  ઘણી તકલીફ પહોંચી છે.

મળે છે તક પતંગિયું થઇ અચાનક આ હથેળીમાં,
ક્ષણો નાજુક પકડવામાં ઘણી તકલીફ પહોંચી છે.

કદી  સંજોગ  પણ પળવારમાં ધક્કો લગાવી દે,
સમય સાથે સરકવામાં ઘણી તકલીફ પહોંચી છે.

હવે આ જિંદગી વહેતી અવિરત ને સદા ખળખળ,
અહમ્ સઘળો કચડવામાં ઘણી તકલીફ પહોંચી છે.

નથી કોઈ ફરિયાદો, અભાવો પણ હવે ક્યાં છે,
બધું યે માફ કરવામાં ઘણી તકલીફ પહોંચી છે.









# કેસૂડો ફૂટું ફૂટું થાય
## યામિની વ્યાસ સુરત

આજ અલી મારામાં કેસૂડો ક્યારનો ફૂટું ફૂટું થાય,
ઓ મને એવું તે, એવું તે, એવું કેમ થાય?
રંગોને આવેલા તોફાની સપનાને લૂંટું લૂંટું થાય.
આજ અલી મારામાં કેસૂડો ક્યારનો ફૂટું ફૂટું થાય.

રંગઢંગ બદલીને ફાગણમાં મહાલતી અલ્લડ કળીઓને ટોકો,
મારામાં ઊતરતી આખી વસંતને રોકી શકાય તો રોકો,
લજ્જાથી ઝૂકેલાં ઠાવકાં આ ફૂલોને ચૂંટું ચૂંટું થાય.
આજ અલી મારામાં કેસૂડો ક્યારનો ફૂટું ફૂટું થાય.

મારામાં ફુંકાતા પૂરવના વાયરાએ બદલ્યો છે જ્યારથી મિજાજ,
હોળીમાં રંગાતા રંગોએ પાડ્યો બસ છેડતી કરવાનો રિવાજ,
મારો એ ઉન્માદી આભલાનો હિસ્સો તૂટું તૂટું થાય.
આજ અલી મારામાં કેસૂડો ક્યારનો ફૂટું ફૂટું થાય.





# વર્કિંગ વુમનનું ગીત
## યામિની વ્યાસ સુરત

નીંદ કદી ના પૂરી થાતી, આંખે ઊગે થાકનો ભાર,
સિધ્ધી સનનન કરતી સવાર.

‘ચિન્કુંમિન્કું ઝટ ઊઠો’ કહી દોડી કપાળે ચૂમે,
આખા દીની જનમકુંડળી સવારથી લઈ ઘૂમે,
કામ વચાળે કહે પતિને, ‘ક્યારે ઊઠશો, યાર?’
સિધ્ધી સનનન કરતી સવાર.

માંડ પહોંચતી ઓફિસ સૌના પૂરા કરતી અભરખા,
ફરી રઘવાટ રસોઈનો જ્યાં એ આવી કાઢે પગરખાં,
કેટલી દોડમદોડી તોયે થઈ જાતી બસ વાર.
સિધ્ધી સનનન કરતી સવાર.

શમણાઓ શૈયા પર પોઢ્યાં, ઓશીકામાં મીઠી વાત,
અડધી નીંદમાં, અડધું જાગ્યા, એમ પૂરી થઈ આખી રાત,
અડધી ઘરે, અડધી ઓફિસે, કેવી જીવનની પગથાર!
સિધ્ધી સનનન કરતી સવાર.







# પાટો

રીના મહેતા સુરત

આગ
કોઈ કોઈ વાર જ લાગે છે
જીવતા જાગતા શરીર પર
ચરર... ચરર... બધી ત્વચાને બાળતી જતી.
પેણીમાંના તેલમાં બે ટીપાં પાણી રહી ગયું હોય
ને તડ-તડ થાય
એવો જ અવાજ
એકાએક બધાંના કાન ફાડી નાંખતો ઊઠે છે
ને પછી કંઈ જ કહ્યા વિના
શબઘરની બરફ જેવી,
કાળી ગંધવાળી હવામાં
થીજી જાય છે.

શરીર દાઝયાના પ્રમાણની ગણતરી
ટકાવારીમાં થઈ શકતી હોય છે.

કોઈને આમ તો કંઈ જ દેખાતું નથી.
સુંવાળી ગરદન,
માંસલ ખભા,
આરસ જેવી જાંઘ
અને બે ભર્યાં - ભર્યાં, સુંદર ગૌર સ્તનો પણ
કાળાં, ભડથું બની
ઢંકાઈ ગયાં હોય છે
સફેદ પાટામાં.

→

  

→

એ પાટો-

સૌ જાણે છે, કદી ખૂલવાનો નથી
ને કોઈએ પણ
ગુનાહિત - અરેરાટીભર્યા હૈયે
જોવું પડવાનું નથી
કાળું - બળેલું-માંસના લોચા નીકળેલું
અંદરથી ઉઘાડું
એ શરીર
જેણે જીવતા જાગતા
મન પર
બાંધેલો જ રાખ્યો
પાટો
જે ખૂલ્યા વિના જ બળી ગયો.

આગ

જે કોઈ કોઈ વાર જ લાગે છે
જીવતા જાગતા શરીર પર...





# કેસૂડો મ્હોર્યો

રીના મહેતા સુરત

કેસૂડો મ્હોર્યો ને આંબો  મ્હોર્યો કે મ્હોરી આ ફાગણની ડાળ
કૂંપળ ઊગ્યાની વાત જાણીને હૈયામાં ફૂટે રતુંબડી ફાળ!

છાનો ને છપનો એ નજરુંથી જુએ ને કેસૂડો ઘોળે મારે અંગે,
છાલક છાતીમાં અલી! એવી વાગે કે પછી સમજું ના કોણ કેને રંગે?
ઝાલો રે ઝાલો મારા સોળે કાંઠાને, એ તો ઉતરે છે ફાગણિયો ઢાળ...
કેસૂડો મ્હોર્યો ને આંબો આ મ્હોર્યો....

લીલુડી મંજરીનો રંગ લીલો પહેરીને ચુંદલડી જુએ મુંને તાકી,
ટહુકા કરે છે પેલી કાળી કોયલ, એને શોધી - શોધીને હું તો થાકી!
કેસરિયો સાયબાએ એવો આંજ્યો કે મને મળતી ના મારી યે ભાળ!
કેસૂડો મ્હોર્યો ને આંબો આ મ્હોર્યો.....



  

# નારીને લગતી સાંકળ

## સંગીતા ચૌહાણ 'તપસ્યા' સુરત

મુક્તિનાં બહુ મોલ સાંકળ,
સાવ ખાલી ખોલ સાંકળ.

છે ગુલામી ખાનદાની,
ના વગાડે ઢોલ સાંકળ.

લહેર સરખી ક્યાં પ્રવેશે?
ક્યાં જરા છે પોલ સાંકળ?

ઠાઠ મોટાં ખોરડાંનાં,
ત્યાં કસેલી તોલ સાંકળ.

લાજ ડગલું લાંઘશે ના,
ચાહ દિલની લોલ સાંકળ.

લોહ ક્યાં સમજે વ્યથાને?
આંખ કાણી ડોલ સાંકળ!





# આતશબાજી

સંગીતા ચૌહાણ 'તપસ્યા' સુરત

દિલમાં આતશબાજી થઈ છે,
જગની વસ્તી કાજી થઈ છે.

સ્પર્શે સંકોચાતી પળ પળ,
અડવા માટે રાજી થઈ છે.

થોડાં સપનાં પિંખાયા છે,
ક્યાં ભારે તારાજી થઈ છે?

નક્કી રસ્તે મળવાના છો,
સૂક્કી ડાળી તાજી થઈ છે.

ના જી, ના જી, કરતાં કરતાં,
આંખો મળતાં "હા જી "થઈ છે,

હું ચાહતનું પરવશ પ્યાદું,
પ્રીતમ હાથે બાજી થઈ છે!



  

# સ્ત્રી

## સંધ્યા ભટ્ટ બારડોલી

(મંદાક્રાન્તા)

સ્ત્રીઓ સ્ત્રીઓ , જગતભરને સર્જતી હોય સ્ત્રીઓ
વેંઢારે કે વહન કરતી પૃથિવી એ ય સ્ત્રી છે
પહાડોમાંથી ઉતરી વહેતી આ નદી એ ય સ્ત્રી છે
સાક્ષીભાવે નિરખતી જતી આ સહસ્રાબ્દી ય સ્ત્રી છે

પૂર્વાકાશે રવિઉદયને જે રચે તે ઉષા છે
ને મધ્યાહ્ને ક્ષુધિત જનને તોષતી અન્નપૂર્ણા
સંધ્યારાણી રુમઝુમ કરે રાગના ગાન સાથે
તે પશ્ચાતે અવનિપટને આવરે તે નિશા છે

સ્નિગ્ધા સૌમ્યા અકળ સરલા ને સ્વભાવે સ્વતંત્ર
આપે,સ્થાપે નિજબળ થકી કેટલાં યે કુટુંબો
સૌ વર્તુળે ધરીરૂપ બની ચક્રને એ ગતિ દે
આ બ્રહ્માંડે સતત રમણે કોઈ શક્તિસ્વરૂપા

જ્યારે જ્યારે અતિક્રમણ આ સ્ત્રીનું કોઈ કરે છે
ત્યારે ત્યારે હનન કરતી ચંડિકા સ્ત્રી બને છે





# શું કહી શકો ?
## સંધ્યા ભટ્ટ બારડોલી

વીતી ગયેલી પળ વિષે તો આખરે શું કહી શકો?
વરસ્યા ન તે વાદળ વિષે તો આખરે શું કહી શકો?

સંવેદનાઓ કેટલી વહેતી મૂકી જેના ઉપર
પહોંચ્યા ન તે કાગળ વિષે તો આખરે શું કહી શકો?

જીવન હતું દાહક છતાં યે પુષ્પ સૌ આપી ગયાં
મીરાં ,અખો, શામળ વિષે તો આખરે શું કહી શકો?

સરકી જવાની શક્યતાઓ ખૂબ છે ને તે છતાં,
નિશ્ચલ ,સરલ ઝાકળ વિષે તો આખરે શું કહી શકો?

આંસુ સાથે રહી શકે ને હર્ષથી ચમકી ઊઠે
નયનોનાં એ કાજળ વિષે તો આખરે શું કહી શકો?







# મીઠી નજરના પ્યાલા
## ડૉ. સેજલ દેસાઈ સુરત

એ તો બસ લાગણી ભુખી બાલા.
ચાહે છે મીઠી નજરના પ્યાલા.

ના ખપે શિરપાવ એને,
ના ખપે શબ્દો ઠાલાં,
બસ ,નજરથી આપી દેજો,
સન્માન એને, વ્હાલા.
એ તો બસ લાગણી ભુખી બાલા.
ચાહે છે મીઠી નજરના પ્યાલા.

દેહને સમજી એ પહેલા તો,
દેહ પર પડી ગયા છાલાં,
કણકણમાં ચિત્કાર સાથે,
ઊઠી અગન જ્વાલા,
એ તો બસ લાગણી ભૂખી બાલા,
ચાહે છે મીઠી નજરના પ્યાલા.

દેશ દુનિયામા ફરવું એણે,
પહેરી સંસ્કારની માલા,
આત્મગૌરવના રક્ષણ હેતુ,
રાખવા પડશે એણે ભાલા,
એ તો બસ લાગણી ભૂખી બાલા,
ચાહે છે મીઠી નજરના પ્યાલા.





# કૅન્વાસ પર

## ડૉ. સેજલ દેસાઈ સુરત

આખી વ્યથા ક્યાં વાળવી કૅન્વાસ પર?
છે જીંદગીને જાળવી કૅન્વાસ પર.

ને તક મળે તો શોખ પૂરા કર બધા,
ઉંમર નથી પંપાળવી કૅન્વાસ પર.

ઉમટી પડી જે આંખમાં યાદો બની,
એ લાગણીને ઢાળવી કૅન્વાસ પર.

જૂનાં નવા દોસ્તો મળે તો રંગ છે,
નફરત નથી પાળવી કૅન્વાસ પર .

સૂરજ ઢળે તોયે ક્ષિતિજ પર લાલિમા !
જગ્યા તમારી ફાળવી  કૅન્વાસ પર.

આંખો થકી જે ઘા કરે નારી ઉપર,
એની નનામી બાળવી કૅન્વાસ પર.

રંગો બધાં ભેગા મળીને નાચશે,
ખોટી ઉદાસી ટાળવી કૅન્વાસ પર.







# તમે કાલિંદીને ના પિછાણી?

સ્વાતિ નાયક નવસારી

કે શ્યામ એ તો રાધાની આંખના પાણી..
એ તો શોધે કેડી કો અજાણી,
લાવે જે મથુરાને ગોકુળમાં તાણી..

કાળિયા નાગ જે બેઠા'તા જીવતરમાં
એને રમતમાં જ નાથ્યા,
ટચલી આંગળીએ પર્વત ઉપાડી ચપટીમાં ,
યશોદાના નામને દીપાવ્યા..
કંસને હરાવ્યો પણ હાર્યા કહેવાવ ,તમે
ગોકુળની પ્રીત ન પ્રમાણી..
ઓ શ્યામ એ તો ....

જીતાડ્યા યુધ્ધો, ના લીધા આયુધ.. પણ
વાંસળી શાને વિસારી?
રાસલીલા ભૂલ્યા તો ભૂલ્યા ભલે પણ ભોળી
રાધાને શમણે ના આણી..?
વહેતી રહી પછી આંસુડાં થઈને.. આ યમુનાજી
એથી છલકાણી..!
ઓ શ્યામ એ તો ....




# હું ગાઉં છું
## સ્વાતિ નાયક નવસારી

દર્દ હો કે હો ખુશી હું ગાઉં છું
ગીત છું હું, ખુદ મને જ ગાઉં છું

મોલ પૂછો તો કશું ના હો ભલે
ત્રાજવે તો, હું જ તુલસી હોઉં છું.

સ્ત્રી કહો, ના હું છું દાસી કે સતી
માનવી થાવા સતત હું રોઉં છું

છે સફર મારી ફકત 'મારાં' સુધી
હું ઘસાઈ ને  ચમકને ખોઉં છું

દોડવું છે આજ તો અંબર લગી
પાંખમાં સપના હું રોજે પ્રોઉં છું







# ઊભી છું!
## હર્ષા દવે ભાવનગર

અગનનો સ્વાંગ ઉતારી સભામાં ઊભી છું!
ગળામાં ચીસ દબાવી સભામાં ઊભી છું!

તમે સૌ આંખ ઝૂકાવી સભામાં બેઠા છો,
એક હું જ આંખ ઉઠાવી સભામાં ઊભી છું!

હે ધર્મરાજા! ઉછાળ્યા હતાં તમે પાસા,
આ એનો ભાર ઉપાડી સભામાં ઊભી છું!

મેં કાલે ઘાવ પર પટકુળ ફાડીને બાંધ્યું,
આજ એક વસ્ત્ર વીંટાળી સભામાં ઊભી છું!

હું દ્રૌપદીથી મુક્તકેશા સુધીના પંથે,
ઘણાં સવાલો બીછાવી સભામાં ઊભી છું!





# અમે જઈ શક્યા નહીં

## હર્ષા દવે ભાવનગર

અળગો કરીને ભાર અમે જઈ શક્યા નહીં,
રેઢો  મૂકી હુંકાર અમે જઈ શક્યા નહીં,

સુમસામ એક સાંજ ફરી રાત થઈ ગઈ,
આવ્યાં ન એ ધરાર અમે જઈ શક્યા નહીં.

સાંયાજી આમ સાવ લગોલગ ઉભા હતાં,
ડગલું ભરી લગાર અમે જઈ શક્યા નહીં.

એળે ગયાં પ્રયાસ અરીસા તણાં બધાં,
ચહેરાની આરપાર અમે જઈ શક્યા નહીં.

આંખો ખૂલ્યાં પછીનું જગત સ્વપ્નવત હતું
ભ્રમણા ની હારોહાર અમે જઈ શક્યા નહીં.









# નારી

## હર્ષિદા દીપક ત્રિવેદી રાજકોટ

અંતરની આ ઓરડીએ અજવાસ ભરેલી નારી હું
ચૌદભુવનના ઠકરાતી મધુમાસ ભરેલી નારી હું

દીકરી તારા વ્હાલનો દરિયો,
સચરાચરમાં પ્રેમે ભરિયો,
આંગણિયામાં પગલી પાડી,
થઈ જાતી તું સહુની લાડી,
તારા બોલે ફૂલડાં ખીલતાં,
દેવો પણ આવીને ઝીલતાં,
ઘટઘટના ઘેઘૂર તટે ઉજાસ ભરેલી નારી હું

સૈયર સાથે હસતી રમતી,
ભાંડુડા સંગાથે ભળતી,
પોષી પૂનમની એ રાતે
ચાંદા પોળી બોલું જાતે,
રક્ષા ધાગે હેત બાંધતી,
લાંબી આયુ એમ માંગતી,
નાનકડી પગલીમાં બસ આકાશ ભરેલી નારી હું

→





→

ડોકટર થઈને દર્દ ભગાવું,
રક્ષક થઈ ઝઘડાઓ મિટાવું,
જૂઠા કેસો સાચા કરતી
ખોટા સામે પગલાં ભરતી,
પૈસા ગણતી બેંકે જઈને,
કર્મ કરું હર મુગ્ધ થઈને,
પગલે પગલે જીવનનો ઉલ્લાસ ભરેલી નારી હું





# માવડીનું અદકેરું વ્હાલ
## હર્ષિદા દીપક ત્રિવેદી રાજકોટ

દરિયાના મોજા તો ઓછેરા લાગે એ અદકેરું વ્હાલ અમે  દીઠું
મારી માડીનું વ્હાલ મધમીઠું

સાત સાત રંગોની ખીલતી રંગોળી
જીવતરના દરિયામાં એને ઝબકોળી
મમતાની છાયામાં પગલાંઓ પાડીને પીડાનું નામ અણદીઠું

દુઃખમાં એ આવીને પકડી લે હાથ
મૌન રહી સુખમાં એ રહેતી'તી સાથ
પલપલ ના પડકારે મમતાળા   ધબકારે સુખ આપે સૌને અદીઠું

તારા એ પ્રેમને તરસે છે દેવો
જીવ અને શિવનો પ્રેમ એક જેવો
આખાએ નભમાં છે એક સૂર તારો મમતાનું ગીત મીઠું  મીઠું







राष्ट्रीय कला केन्द्र

સ્થાપના તા. ૧૦-૦૭-૧૯૫૫

વિશ્વ મહિલા દિન નિમત્તે યોજાયેલું
ઓન-લાઈન કવયિત્રી સંમેલન ઈ-પુસ્તક રૂપે



# કાવ્યશ્રી